અગ્રતા ક્રમ -: ૭

વિભાગ :- મહેસૂલ વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૯૯

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

વિધાનસભામા જવાબ આપવાની તા. ૧૪/૦૨/૨૦૨૪

પ્રશ્નનું શિર્ષક : ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમાં આશ્રય સ્થાન (સાઈક્લોન શેલ્ટર) બનાવવા બાબત.

પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રીનું નામ અને તેમનો મત વિસ્તાર :

શ્રી ભગવાનભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા)

# અગ્રતા ક્રમ : ૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯

**ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાંઠાના વિસ્તારોમાં આશ્રય સ્થાન (સાઈક્લોન શેલ્ટર) બનાવવા બાબત.**

## અનુક્રમણિકા


| | વિગત | મુખ્ય પેજ |
|---|---|---|
| | વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન | |
| | વિભાગે કરેલ જવાબ | |
| | પ્રશ્નનું મુખ્ય હાર્દ | |
| | પૂરક માહિતી | પેટા પ્રશ્ન પુછનાર માન.ધારાસભ્યશ્રીનું નામ |
| પેટા પ્રશ્ન-૧ | રાજયમાં સાયક્લોન શેલ્ટર બનાવાની જરૂરીયાત ઉભી થવાના કારણો જણાવો. | શ્રી ભગવાનભાઇ બારડ (તાલાલા) |
| પેટા પ્રશ્ન-૨ | સાયક્લોન શેલ્ટર માટે જાળવણી અને વ્યવસ્થાપન માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે? | શ્રી ભગવાનભાઇ બારડ (તાલાલા) |
| પેટા પ્રશ્ન-3 | સાયક્લોન શેલ્ટરની ઉપયોગીતા શી છે? | શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ) |
| પેટા પ્રશ્ન-૪ | વિવિધ આફતના સમયે સાયક્લોન શેલ્ટરનો શું ઉપયોગ થાય છે? | શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ) |

| | | |
|---|---|---|
| પેટા પ્રશ્ન-૫ | રાજયમાં કયાં કયાં જીલ્લાનો સાયક્લોન શેલ્ટર અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે.અને જીલ્લા વાઈઝ શેલ્ટર હોમ ની સંખ્યા જણાવો? | ડૉ. પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર) |
| પેટા પ્રશ્ન-૬ | સાયક્લોન શેલ્ટરની ક્ષમતા કેટલી છે? | ડૉ. પ્રદ્યુમનભાઇ વાજા (કોડીનાર) |
| પેટા પ્રશ્ન-૭ | સાયક્લોન શેલ્ટર માટે કેટલી નાણાકીય સહાય મળે છે? | શ્રી સંજયભાઇ કોરડીયા (જુનાગઢ) |
| પેટા પ્રશ્ન-૮ | સાયક્લોન શેલ્ટરને સાધનોથી સજ્જ કરવા બાબત શી કાર્યવાહી કરવા માં આવે છે? | શ્રી સંજયભાઇ કોરડીયા (જુનાગઢ) |
| પેટા પ્રશ્ન-૯ | કુદરતી આપદા વખતે સાયક્લોન શેલ્ટર માં કઈ ટેકનીકલ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે? | |

# વિધાનસભાએ વિભાગને મોકલેલ પ્રશ્ન

<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંકઃ પ્ર/</u>

## ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ 15/4/399

વિષયઃ

ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમાં આશ્રય સ્થાન (સાઇક્લોન શેલ્ટર) બનાવવા બાબત

| સૂચના મળ્યાની તારીખઃ | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 08/01/2024 | તારીખ 08/02/2024 | 24/01/2024 |

*15/4/399 શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કેઃ-

માનનીય **મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમાં કેટલા આશ્રય સ્થાન (સાઇક્લોન શેલ્ટર) બનાવવામાં આવેલ છે, અને

(૨) કેટલા બાકી છે, અને

(૩) જે આશ્રય સ્થાન બનાવવાના બાકી છે તેના કારણો શા છે ?

----

મુખ્ય પેજ પર જાઓ

# વિભાગે કરેલ જવાબ

"ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમા આશ્રય સ્થાન (સાઈક્લોન શેલ્ટર) બનાવવા બાબત"

*15/4/399: શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના દરિયા કાઠાના વિસ્તારોમાં કેટલા આશ્રય સ્થાન (સાઈક્લોન શેલ્ટર) બનાવવામાં આવેલ છે, અને | (૧) | ૨૯ |
| (૨) કેટલા બાકી છે, અને | (૨) | શૂન્ય |
| (3) જે આશ્રય સ્થાન બનાવવાના બાકી છે તેના કારણો શા છે? | (3) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી તારીખ:-૦૮/૦૨/૨૦૨૪

ક્રમાંક:-RD/SU/e-file/15/2024/1200/R&R
ગુજરાત સરકાર,
મહેસૂલ વિભાગ, બ્લોક નં.૧૧/૮
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: 03/૦૨/૨૦૨૪

પ્રતિ,
સચિવશ્રી,
ગુજરાત વિધાનસભા.

શ્રીમાન,

ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર તરફ આપશ્રીના સૂચનો મળ્યાના તા.૦૮/૦૧/૨૦૨૪ના પત્ર અન્વયે વધારાની ત્રણ નકલો સાથે.

આપનો વિશ્વાસુ,

(સી.સી. પટેલ)
નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ, ગુજરાત સરકાર.

<u>નકલ રવાના જાણ અર્થે:-</u>

v સેકશન અધિકારીશ્રી, બ-૧ શાખા, મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
સિલેક્ટ ફાઈલ-૨૦૨૪

ignature valid
gned by:C C Patel
eputy Secretary
ate: 2024.02.05

File No: RD/S U/e-file/15/2024/1200/Rehabilitation and Reconstruction
Approved By: Deputy Secretary.DS - Relief.RD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

મુખ્ય પેજ પર જાઓ

## પ્રશ્નનું મુખ્ય હાર્દ

**<u>સાઇકલોન શેલ્ટર પ્રોજેક્ટની માહિતી- :</u>**

ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિમી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજ્ય હોવાથી વાવાઝોડા, દરિયાઇ તોફાનો, ભારે વરસાદ વગેરે જેવી આપત્તિઓથી સંવેદનશીલ છે દરિયાકાંઠાના જિલ્લાઓમાં કે જ્યાં વાવાઝોડાની સૌથી વધુ શકયતા છે તેવા ૭૬ ગામોમાં જુદા જુદા ઉપયોગ થઈ શકે તેવા સાયક્લોન શેલ્ટર બનાવવામાં આવેલ છે. વાવાઝોડાથી ઉભા થતા જોખમને ઘટાડવા ગુજરાત આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી અને વિશ્વ બેંકની સહાયથી નેશનલ સાયકલોન રીસ્ક મીટીગેશન પ્રોજેકટ અમલમાં મુકેલ છે .આ પ્રોજેકટનો મુખ્ય હેતુ વાવાઝોડાથી ઉભા થતા જોખમ અને તેની અસરનો ઘટાડવાનો તથા વાવાઝોડાના જોખમના શમન માટે પગલા લઇ લોકોની ક્ષમતાવર્ધનનો છે.

મુખ્ય પેજ પર જાઓ

## પૂરક માહિતીઃ

**<u>સાયક્લોન શેલ્ટર માટે જાળવણી અને વ્યવસ્થાપન માટે ની વ્યવસ્થા.</u>**

ગુજરાત સરકારના મહેસુલ વિભાગના ખાતાના વડા ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા ઉક્ત મલ્ટી પર્પઝ સાયક્લોન શેલ્ટરનું નિર્માણ કરવામાં આવેલ છે .સદર સાયક્લોન શેલ્ટર) MPCS (ની અંદાજે મહેસુલ વિભાગના તારીખ ૧૪/૧૧/૨૦૨૨ના ઠરાવ અનુસાર સબંધિત ગામના સરપંચશ્રીના અધ્યક્ષ સ્થાને સાયક્લોન શેલ્ટર મેનેજમેન્ટ અને મેન્ટેનન્સ કમિટીની રચના કરવામાં આવેલ છે જેમાં સ્થાનિક ૧૫ થી ૨૦ સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે .સભ્યો પૈકી ગ્રામ્ય સ્તરના અનુસુચિત જાતી, અનુસુચિત જનજાતી ,ઓબીસી ,મહિલા પ્રતિનિધિ ,સ્થાની સ્વેચ્છિક સંસ્થાઓ વગેરેનો સમાવેશ કરવામ આવેલ છે .તેમજ દરેક મેનેજમેન્ટ કમિટીનું સોસાયટી ટ્રસ્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરવામાં  આવેલ છે.

**<u>સાયક્લોન શેલ્ટરની ઉપયોગીતા-</u>**

કોરોના કોવીડ-૧૯ જેવી મહામારીમાં સાયક્લોન શેલ્ટરનો મહતમ ઉપયોગ કરવામાં આવેલ હતો .લોકોને હાલાકી ન પડે અને સોસ્યલ ડિસ્ટન્સ સાથે સંક્રમિત થયેલ લોકો આરામથી રહી શકે તે માટેની તમામ વ્યવસ્થા કરવામાં આવેલ હતી, તેમજ આશ્રય આપેલ લોકોને ખોરાક, પાણી ,સેનિટેશન ,સેનીટાઈજેશન ,માસ્ક વગેરેની સુવિધા પણ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ હતી.

**<u>વિવિધ આફતના સમયે સાયક્લોન શેલ્ટરનો ઉપયોગ-</u>**

કોરોના જેવી મહામારી ઉપરાંત તાજેતરમાં આવેલ બીપોરજોય વાવાઝોડા દરમિયાન સાયક્લોન શેલ્ટરનો મહતમ ઉપયોગ કરવામાં આવેલ હતો .લોકોને સલામત આશ્રય સ્થાન મળી રહે તે હેતુથી બનાવેલ સાયક્લોન શેલ્ટર આશીર્વાદરૂપ સાબિત થયેલ હતા . જાનમાલની નુકશાની ઘટાડવામાં સાયક્લોન શેલ્ટર ખુબજ ઉપયોગી થયા હતા.

**સાયક્લોન શેલ્ટરની ક્ષમતા-**

સાયક્લોન શેલ્ટરનું બાંધકામ એ રીતે ડીઝાઇન કરવામાં આવેલ છે કે જેમાં માનવની સાથે સાથે પશુઓને પણ સલામત આશ્રયસ્થાન આપી શકાય છે .કુલ ૫૫૦ લોકોનો સમાવેશ થઇ શકે તેવા આશ્રયસ્થાન નિર્માણ કરવામાં આવેલ છે.

**સાયક્લોન શેલ્ટર માટે નાણાકીય સહાય- :**

દરેક સાયક્લોન શેલ્ટર દીઠ રૂ .૫.00 લાખ કોર્પસ ફંડની ફાળવણી કરવામાં આવેલ છે જે વધારીને ૧૫.00 લાખ કરવાની પણ અનુમતિ મળેલ છે .કોર્પસના વ્યાજમાંથી સાયક્લોન શેલ્ટરનું સુચારૂરૂપથી જાળવણી અને નિભાવણી કરી શકાશે સાથે સાથે ગ્રામ્યકક્ષાએ યોજાતા વિવિધ કાર્યક્રમમાં સાયક્લોન શેલ્ટરને ભાડે આપી તેમાંથી આવક મેળવી નિભાવણી અને જાળવણી કરવામાં આવે છે.

**સાયક્લોન શેલ્ટરને સાધનોથી સજ્જ કરવા બાબત.**

દરેક સાયક્લોન શેલ્ટરને અલગ અલગ સંશાધનો જેવા કે દોરડા ,લાઈફ બોયા ,લાઈફ જેકેટ ,ટોર્ચ ,ટીવી ,લેડર ,કિચન સેટ વગેરે સાધનોની ફાળવણી પણ કરવામાં આવેલ છે જેના થકી શોધ અને બચાવ અને પ્રાથમિક સારવાર જેવી પ્રવૃતિઓ ત્વરિત હાથ ધરી શકાય.

**ટેકનીકલ ફીચર-**

દરેક સાયક્લોન શેલ્ટરનું બાંધકામ ભૂકંપ પ્રતિરોધક બનાવામાં આવેલ છે .ગુજરાત રાજ્યનો સંભવિત ભૂકંપ ઝોનમાં સમાવેશ થતો હોય, સાયક્લોન શેલ્ટરની ડીઝાઈન ભૂકંપ પ્રતિરોધક બનાવામાં આવેલ છે તેમજ સાયક્લોન શેલ્ટર ખાતે ભૂગર્ભ ટાંકા ,ફાયરના સાધનો ,સેનિટેશન માટે ટોઇલેટની વ્યવસ્થા તેમજ પીવાના પાણી માટેની વ્યવસ્થા ,બોરની વ્યવસ્થા તથા જનરેટરની સુવિધાથી સજ્જ કરવામાં આવેલ છે .તેમજ દરેક સાયક્લોન શેલ્ટરના ગામોને લોકોને શોધ અને બચાવ અને પ્રાથમિક સારવાર અને આરોગ્ય ,સી.પી.આર .જેવી તાલીમ આપી ક્ષમતાવર્ધન કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૭

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯

| | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભગવાનભાઇ બારડ (તાલાલા) | |
| **પેટા પ્રશ્ન ૧** | રાજયમાં સાયક્લોન શેલ્ટર બનાવાની જરૂરીયાત ઉભી થવાના કારણો જણાવો. |
| **જવાબ** | ગુજરાત રાજ્ય ૧૬૦૦ કિમી લાંબો દરિયા કિનારો ધરાવતું રાજ્ય હોવાથી વાવાઝોડાની શક્યતા વધતી જાય છે. જાનમાલની નુકશાનીમાં ઘટાડો કરવા કે અટકાવવા માટે વર્લ્ડ બેન્કના અનુદાનથી ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યમાં નેશનલ સાયક્લોન રિસ્ક મીટીગેશન પ્રોજેક્ટ અમલી બનેલ હતો .જેમાં વલ્ડ બેંક અને ભારત સરકારશ્રીની સુચના અનુસાર ગુજરાતમાં દરિયાકાંઠાના જીલ્લાઓમાં કે જયાં વાવાઝોડાની સૌથી વધુ શકયતા છે, તેવા ૭૬ ગામોમાં સાયકલોન શેલ્ટર બનાવવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૭

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯

| | |
|---|---|
| | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ભગવાનભાઇ બારડ (તાલાલા) | |
| **પેટા પ્રશ્ન ૨** | સાયક્લોન શેલ્ટર માટે જાળવણી અને વ્યવસ્થાપન માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે? |
| **જવાબ** | ગુજરાત સરકારના મહેસુલ વિભાગ મારફતે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ દ્વારા સાયક્લોન શેલ્ટરનું નિર્માણ કરવામાં આવેલ છે .તા. ૧૪/૧૧/૨૦૨૨ ના ઠરાવ અનુસાર સબંધિત ગામના સરપંચશ્રીના અધ્યક્ષસ્થાને સાયકલોન શેલ્ટર માટે દેખરેખ અને નિભાવ સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં સ્થાનિક સભ્યોનો સમાવેશ કરવામાં આવેલ છે. સભ્યો પૈકી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓબીસી, મહિલા પ્રતિનિધિ, સ્વૈચ્છિક સંસ્થાઓ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે. તેમજ આ સમિતિ/ સોસાયટી ટ્રસ્ટ એક્ટ હેઠળ નોંધણી કરવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯

| | |
|---|---|
| | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી: શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ)** | |
| **પેટા પ્રશ્ન 3** | સાયક્લોન શેલ્ટરની ઉપયોગીતા શી છે? |
| **જવાબ** | કોરોના મહામારી દરમ્યાન લોકોને હાલાકી ન પડે અને સોસ્યલ ડિસ્ટન્સ સાથે સંક્રમિત થયેલ લોકો માટેની તમામ વ્યવસ્થા અહીં કરવામાં આવેલ હતી, તેમજ આશ્રય આપેલ લોકોને ખોરાક, પાણી, સેનીટેશન, સેનીટાઇઝેશન, માસ્ક વગેરેની સુવિધા પણ સરકારશ્રી દ્વારા કરવામાં આવેલ હતી. વાવાઝોડા અને અન્ય કુદરતી આપત્તિ સામે આગમચેતીના ભાગરૂપે અને વાવાઝોડા દરમ્યાન લોકોને મુશ્કેલી ન પડે તે માટે લોકોને રહેવા અને જમવાની વ્યવસ્થા માટે ખૂબ ઉપયોગી છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૭**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯**

| | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભગવાનજીભાઇ કરગટીયા (માંગરોળ) | |
| **પેટા પ્રશ્ન ૪** | વિવિધ આફતના સમયે સાયક્લોન શેલ્ટરનો શું ઉપયોગ થાય છે? |
| **જવાબ** | લોકોને સલામત આશ્રય સ્થાન મળી રહે તે હેતુથી બનાવેલ સાયક્લોન શેલ્ટર આશીર્વાદરૂપ સાબિત થયેલ હતા. જાનમાલની નુકશાની ઘટાડવામાં સાયકલોન શેલ્ટર ખૂબ જ ઉપયોગી થયા હતા. કોરોના જેવી મહામારી ઉપરાંત તાજેતરમાં આવેલ બિપોરજોય વાવઝોડા દરમ્યાન સાયકલોન શેલ્ટરનો મહત્તમ ઉપયોગ કરવામાં આવેલ હતો. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૭**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯**

| | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ ર્ડા. પ્રદ્યુમનભાઇ વાજા કોડીનાર | |
| **પેટા પ્રશ્ન ૫** | રાજયમાં કયાં કયાં જીલ્લાનો સાયક્લોન શેલ્ટર અંતર્ગત સમાવેશ કરવામાં આવેલ છે અને જીલ્લા વાઇઝ શેલ્ટર હોમની સંખ્યા જણાવો. |

**જવાબ**

| | | |
|---|---|---|
| ૧ . | ગીર સોમનાથ | ૨૯ |
| ૨ . | જુનાગઢ | ૨૫ |
| ૩. | અમરેલી | ૨ |
| ૪ . | પોરબંદર | ૪ |
| ૫. | દેવભૂમિ દ્વારકા | ૪ |
| ૬. | કચ્છ | ૪ |
| ૭ . | અમદાવાદ | ૧ |
| ૮ . | ભરૂચ | ૫ |
| ૯. | નવસારી | ૧ |
| ૧૦ | જામનગર | ૧ |

**કુલ ૧૦ જિલ્લામાં ૭૬ શેલ્ટર હોમ**

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૭**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯**

| | |
|---|---|
| | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ ડૉ. પ્રદ્યુમનભાઇ વાજા કોડીનાર** | |
| **પેટા પ્રશ્ન ૬** | સાયક્લોન શેલ્ટરની ક્ષમતા કેટલી છે? |
| **જવાબ** | સાયક્લોન શેલ્ટરનું બાંધકામ એ ભુકપ પ્રુફ ડીઝાઇનથી બાંધવામાં આવેલ છે .૫૫૦ થી વધુ લોકોનો સમાવેશ થઇ શકે તેવા આશરો મળે તેવું નિર્માણ કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ

**અગ્રતા ક્રમ : ૭**

**વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯**

| | |
|---|---|
| | |
| **પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃશ્રી સંજયભાઇ કોરડીયા જુનાગઢ** | |
| **પેટા પ્રશ્ન ૭** | સાયક્લોન શેલ્ટર માટે કેટલી નાણાકીય સહાય મળે છે? |
| **જવાબ** | દરેક સાયકલોન શેલ્ટરદીઠ રૂા. ૫.00 (પાંચ) લાખ ફાળવણી કરવામાં આવેલ છે, જે વધારીને રૂા.૧૫.00 લાખ કરવાની પણ અનુમતિ મળેલ છે. કોર્પસના વ્યાજમાંથી સાયકલોન શેલ્ટરનું સુચારુરૂપથી જાળવણી અને નિભાવણી કરી શકાશે સાથે સાથે ગ્રામ્ય કક્ષાએ યોજાતા વિવિધ કાર્યક્રમોમાં સાયકલોન શેલ્ટરને ભાડે આપે તેમાંથી આવક મેળવી નિભાવણી અને જાળવણી કરવામાં આવે છે. |

મુખ્ય પેજ પર જાઓ

## અગ્રતા ક્રમ : ૭

## વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯

| | |
|---|---|
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃશ્રી સંજયભાઇ કોરડીયા જુનાગઢ | |
| **પેટા પ્રશ્ન ૮** | સાયક્લોન શેલ્ટરને સાધનોથી સજ્જ કરવા બાબત શી કાર્યવાહી કરવા માં આવે છે? |
| **જવાબ** | દરેક સાયકલોન શેલ્ટરને અલગ અલગ સંશાધનો જેવા કે દોરડા, લાઇફ જેકેટ, ટોર્ચ, ટીવી., લેડર, કીચન સેટ વગેરે સાધનોની ફાળવણી પણ કરવામાં આવેલ છે. જેનાથકી શોધ અને બચાવ અને પ્રાથમિક સારવાર જેવી પ્રવૃત્તિઓ ત્વરિત હાથ ધરી શકાય. |

મુખ્ય પેજ પર જાઓ

# અગ્રતા ક્રમ : ૭

# વિધાનસભા તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫/૪/૩૯૯

| | |
|---|---|
| મુળ પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા) | |
| પેટા પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રીઃ | |
| **પેટા પ્રશ્ન ૯** | કુદરતી આપદા વખતે સાયક્લોન શેલ્ટર માં કઈ ટેકનીકલ વસ્તુઓનો સમાવેશ કરવામાં આવે છે? |
| **જવાબ** | દરેક સાયકલોન શેલ્ટરનું બાંધકામ ભૂકંપ પ્રતિરોધક બનાવવામાં આવેલ છે. ગુજરાત રાજયનો સંભવિત ભૂકંપ ઝોનમાં સમાવેશ થતો હોઇ, સાયકલોન શેલ્ટરની ડીઝાઇન ભૂકંપ પ્રતિરોધક બનાવવામાં આવેલ છે. તેમજ સાયકલોન શેલ્ટર ખાતે ભૂગર્ભ ટાંકા, ફાયરના સાધનો, સેનીટેશન માટે ટોઇલેટની વ્યવસ્થા તેમજ પીવાના પાણી માટેની વ્યવસ્થા, બોરની વ્યવસ્થા તથા જનરેટરની સુવિધાથી સજ્જ કરવામાં આવેલ છે. તેમજ દરેક સાયકલોન શેલ્ટરના ગામોને લોકોને શોધ અને બચાવ પ્રાથિમક સારવાર અને આરોગ્ય, સી.પી.આર. જેવી તાલીમ આપી ક્ષમતાવર્ધન કરવામાં આવેલ છે. |

મુખ્ય પેજ પર જાઓ